તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૮ ૧૯ નવેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; કારતક સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પેરિસ : મોટાપાયે સર્ચ ઓપરેશન વેળા બે આતંકવાદીઓ મોતને ઘાટ
- સમગ્ર યુરોપમાં વધુ હુમલા થવાની દહેશત અકબંધ
- ભારત-આફ્રિકા વચ્ચેની બીજી ટેસ્ટ મેચ ડ્રો થઇ
- મુંબઈના હુમલામાં હેડલીને આરોપી બનાવવાની મંજુરી
- બંગાળ ચુંટણીને પીએમ વિરુદ્ધ સીએમ બનાવાશે નહીં : ભાજપ
- તમિળનાડુ પુર : મૃત્યુઆંક વધી ૧૯૫, હાલત કફોડી
- મહારાષ્ટ્ર : દુકાળની સમીક્ષા કરવા માટે ટુકડી પહોંચી ગઈ
- ઉલ્ફા લીડર ચેતિયા ૫ દિવસના રિમાન્ડ ઉપર
- ત્રણ રાજ્યોને રેલ ફ્રેટ લાઇન બિછાવવાને મંજુરી અપાઈ
- ફટકાર લગાવવાની કોઈમાં હિમ્મત નથી : શત્રુઘ્નસિંહા

# આઈએસનો સંપૂર્ણ સફાયો કરવા ફ્રાંસ-રશિયા મક્કમ



**સીરિયામાં આઈએસના અડ્ડા પર સતત ત્રીજા દિવસે હવાઈ હુમલા : ફ્રાંસના પ્રમુખની ૨૬મી નવેમ્બરે રશિયન પ્રમુખ પુતિન સાથે વાતચીત થશે, બરાક ઓબામા પણ આતંકવાદ સામેના ખરાખરીના આ જંગમાં ફ્રાંસ સાથે**

પેરિસ,તા. ૧૮

પેરિસમાં ભીષણ આતંકવાદી હુમલા માટેની જવાબદારી ત્રાસવાદી સંગઠન આઈએસે સ્વિકારી લીધા બાદ આજે પણ તેના મહત્વના સ્થળો ઉપર ફ્રાન્સ અને રશિયાએ નવેસરથી ભીષણ હુમલા કર્યા છે. જેમાં આઈએસને ભારે નુકસાન થયુ છે. તેની કમર તોડી પાડવાના હેતુસર આ હુમલા કરવામાં આવી રહ્યા છે. ફ્રાંસ અને રશિયન યુદ્ધ વિમાનોએ આઈએસના ગઢ ગણાતા રક્કામાં સતત ત્રીજા દિવસે ભીષણ હુમલાઓ જારી રાખ્યા હતા. ફ્રાંસ અને રશિયા આઈએસ ઉપર સંપૂર્ણરીતે સફાયો કરવાના હેતુસર હુમલાઓ કરી રહ્યા છે. રશિયન વિમાન ઉપર હુમલાની

● અનુસંધાન પાન-૬ પર

# નિતીશના શપથવિધિ સમારોહમાં નરેન્દ્ર મોદીને આમંત્રણ અપાયું

**શુક્રવારના દિવસે નિતિશની તાજપોશી થશે : નિતિશકુમારે અંગત રીતે ફોન કરીને વડાપ્રધાન મોદીને આમંત્રણ આપ્યું**

પટણા, તા. ૧૮

બિહારના નિયુક્ત મુખ્યમંત્રી નિતિશકુમારે આજે શપથવિધિ કાર્યક્રમમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિધિવતરીતે આમંત્રણ આપ્યું હતું. નિતિશકુમારે આજે વડાપ્રધાનને ફોન કરીને આમંત્રણ આપ્યું હતું. ૨૦મી નવેમ્બરના દિવસે બપોરે બે વાગ્યે ગાંધી મેદાનમાં શપથવિધિ કાર્યક્રમ યોજાનાર છે. મુખ્યમંત્રીની કચેરી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત



કરવામાં આવી છે. ચાર દિવસના છઠ્ઠ ઉત્સવની પૂર્ણાહુતિ બાદ સવારમાં નિતિશકુમારે અગ્રણી નેતાઓને અંગત રીતે ફોન કર્યા હતા અને નવી સરકારની શપથવિધિમાં ઉપસ્થિત રહેવા માટે તેમને આમંત્રણ આપ્યા હતા. બિહારના જેડીયુ પ્રમુખ બી. નારાયણસિંહે માહિતી આપતા કહ્યું હતું કે, વડાપ્રધાનને આમંત્રણ રાજકીય પરંપરાને ધ્યાનમાં રાખી અપાયું છે. તેઓ આવે છે કે કેમ તે અંગે નિર્ણય મોદીનું રહેશે. બીજીબાજુ ભાજપ પ્રમુખ સંજય મૈયુખે કહ્યું હતું કે, અગાઉથી વડાપ્રધાનના કાર્યક્રમો નક્કી હોવાના કારણે શપથવિધિમાં તેઓ પહોંચે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. સંસદીય બાબતોના મંત્રી વૈંકેયા નાયડુ, સ્વતંત્ર હવાલો ધરાવતા પ્રધાન રાજીવ પ્રતાપ રુડી શપથવિધિ કાર્યક્રમમાં સરકારનું પ્રતિનિધિત્વ કરશે. વડાપ્રધાન ચુંટણી પરિણામના દિવસે જ નિતિશકુમારને અભિનંદન આપી ચુક્યા છે. નિતિશકુમારે સવારમાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથશિંહ, નાણાં મંત્રી અરુણ જેટલી, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજેને આમંત્રણ આપ્યા હતા.

# દસ હજાર કરોડના પ્રોજેક્ટને લીલીઝંડી

**કોલ ઈન્ડિયામાં ૧૦ ટકા હિસ્સેદારી વેચાણને પણ મંજુરી અપાઈ : હવે નિકાસ માટે ત્રણ ટકા વ્યાજ સબસિડીને પણ લીલીઝંડી અપાઈ : ખેડૂતોને ઉત્પાદન સબ્સિડીની સીધી રીતે ચુકવણી કરવાને કેન્દ્રીય કેબિનેટને લીલીઝંડી**



નવી દિલ્હી, તા. ૧૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે સુધારા પ્રક્રિયાને વધુ ઝડપી બનાવી દીધી છે. આના ભાગરૂપે કેન્દ્રીય કેબિનેટે કોલ ઈન્ડિયામાં ૧૦ ટકા હિસ્સેદારી વેચાણને લીલીઝંડી આપી દીધી હતી. આ ઉપરાંત કોચીન શીપયાર્ડના આઈપીઓને પણ મંજુરી આપી દીધી છે. સાથે-સાથે નિકાસ માટે ૩ ટકા વ્યાજ સબ્સિડીને મંજુરી આપી છે. મોદી સરકારે ૧૦હજાર કરોડના મોટા પ્રોજેક્ટોને લીલીઝંડી આપી દીધી છે. કેબિનેટે યોગ્ય પગલા લઈને ૩૪ અટવાઈ પડેલા પ્રોજેક્ટોને ફરી સજીવન કરવા માર્ગ મંત્રાલયને મંજુરી આપી છે. અહીં વિલંબ બિલ્ડરના કારણે થઈ રહ્યો નથી.

આઠ હજાર કરોડ સુધીના મોટા રેલવે પ્રોજેક્ટોને પણ મંજુરી આપી દેવામાં આવી છે. પ્રથમ વખત કેબિનેટે ખેડૂતોને પ્રોડક્શન સબ્સિડીની સીધી ચુકવણીને પણ મંજુરી આપી છે.

કેબિનેટે હાઈવે મંત્રાલયને કેબિનેટની મંજુરી લીધા વગર વધુ પ્રોજેક્ટોને લીલીઝંડી આપવાની સત્તા આપી દીધી છે. કોલ ઈન્ડિયાના પ્રાઈઝીંગ અને ટાઈમિંગ અંગે નિર્ણય નાણાંપ્રધાન દ્વારા ડિસ ઈનવેસ્ટમેન્ટ અંગે ગ્રુપ મારફતે લેવામાં આવશે. કોલ ઈન્ડિયામાં ૧૦ ટકા હિસ્સેદારી વેચીને સરકાર વર્તમાન કિંમતે ૨૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં ૬૯૫૦૦ કરોડના ડિસ ઈનવેસ્ટમેન્ટ ટાર્ગેટને પહોંચી વળવામાં નિષ્ફળ રહે તેવી શક્યતા છે. કારણકે, ઘણી કંપનીઓના ડિસ ઈનવેસ્ટમેન્ટને લઈ ગુંચવણ રહેલી છે. કેન્દ્રીય કેબિનેટે નિકાસ સબ્સિડી ઉપર પણ ભાર મુક્યો છે. જેના કારણે નિકાસ માટે ત્રણ ટકા વ્યાજ સબ્સિડીને મંજુરી આપી દેવાઈ છે.

# જિલ્લામાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થશે

**વાવણી માટે પ્રતિકૂળ હવામાન અને વરસાદની ઘટ તેમજ ઠંડીનો માહોલ હજુ જામ્યો નહિ હોવાથી ખેડૂતો અવઢવમાં**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સતત બદલાતા જતા હવામાનને પગલે રવિસીઝનના મુખ્ય પાક ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં વરસાદની ૨૮ ટકા જેટલી ઘટ તેમજ રવિ સીઝનની વાવણીને પ્રતિકૂળ હવામાનને પગલે ઘઉંના પાકના વાવેતરને લઈ ખેડૂતો હાલ અવઢવની સ્થિતિમાં છે. જેને પગલે વાવેતર વિસ્તાર ઘટે તેવો ભય ઉભો થયો છે.

જિલ્લામાં ગત વર્ષે પણ ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો હતો. આ વખતે વરસાદની અછત અને પ્રતિકૂળ હવામાનની અસરોને લઈ વાવેતર વિસ્તાર ઘટી શકે છે તેમ ખેડૂતો સાથેની વાતોમાંથી જાણવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે હવામાન દિવસનું ૩૦ ડિગ્રીથી નીચે અને રાત્રીનું ૨૦ ડિગ્રીથી નીચે જોઈએ. ઘઉંના પાકના વાવેતરનો સમય શરૂ થઈ ગયો છે પણ હાલ ખેડૂતો અવઢવની સ્થિતિમાં હોવાથી ધીમી ગતિએ ખેતરોમાં ગાળવણ શરૂ કર્યું છે.

જિલ્લા ખેતીવાડી વિભાગે તો રવિસીઝનમાં ૬૦ હજાર હેક્ટરમાં વાવેતર થવાના અંદાજો સાથેનું પાક આયોજન તૈયાર કરી દીધુ છે. રાયડાના પાકનું વાવેતર શરૂ થઈ ચુક્યુ છે.

જોકે ઘઉ અને બટાટાની ખેતીનો હજુ પ્રારંભ થયો નથી. ઠંડીનો માહોલ આ બન્ને પાક માટે જરૂરી છે. પરંતુ ઠંડી હજુ બહુ જામી નથી એટલે આ વખતે ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થશે તેમ મનાઈ રહ્યું છે.

# જિલ્લામાં સૌથી વધુ મતદારો છાલા અને ઓછા મતદારો ઝુંડાલ બેઠક પર નોંધાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૦ બેઠકોમાં સૌથી વધુ મતદારો છાલા બેઠક પર અને સૌથી ઓછા મતદારો પણ ગાંધીનગર તાલુકામાં નવી બનેલી ઝુંડાલ બેઠક પર નોંધાયેલા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા સીમાંકનને પગલે મતદાર વિભાગોમાં ભારે બદલાવ આવ્યો છે. તેમજ ગઈ ચૂંટણીના અને આ ચૂંટણીના મતદારોના બદલાવે રાજકીય ગણિત ગણનારાઓને ભૂલભુલામણીમાં અટવાવી દીધા છે.

**આ બન્ને બેઠકો પર ત્રિકોણીય જંગ જામ્યો છે : નવા સીમાંકનને લઈ મતદારોની મદદ પ્રચાર અભિયાનનો મુદ્દો**

એકાએક આવી પડેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે હવે નવા સીમાંકનના ફેરફારોને લઈ મતદારોના પ્રશ્નો ખાસ પ્રચાર અભિયાનનો મુદ્દો બનાવી લડવાની વ્યૂહરચના તૈયાર કરાઈ હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળલે છે.

ખાસ કરીને બુથોમાં બદલાવ, નવા સીમાંકનમાં કયુ ગામ કયા વિસ્તારમાં, મતદાર સ્લીપ સહિતની બાબતોને લઈ મતદારોને ખાસ મદદરૂપ થવા સાથે સાથે મતદારોને આકર્ષવાની વ્યૂહરચના તૈયાર કરાઈ હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

મતદારયાદીને આધારે દરેક બેઠક પરના નોંધાયેલા મતદારો અને જ્ઞાતિ સમીકરણોને લઈ રાજકીય પક્ષોના આંકડા નિષ્ણાતોની બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ મતદારો છાલા બેઠક પર નોંધાયેલા છે. આ બેઠક ગાંધીનગર તાલુકાની છે અને ત્યાં ત્રિકોણીય જંગ ખેલાઈ રહ્યો છે. આ બેઠક પર ૨૯૪૯૪ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧૫,૨૬૩ પુરૂષ અને ૧૪૬૫૫ મહિલા મતદારો છે.

જ્યારે જિલ્લામાં સૌથી ઓછા મતદારો ગાંધીનગર તાલુકાની ઝુંડાલ બેઠક પર નોંધાયેલા છે. આ બેઠક પર પણ ત્રિકોણીય જંગ ખેલાઈ રહ્યો છે. આ બેઠક પર નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૯,૫૭૪ છે. જેમાં ૧૦૦૪૬ પુરૂષ અને ૯૫૨૮ મહિલા મતદારો છે.

જિલ્લાની ૧૫ બેઠકો એવી છે જ્યાં ૨૧ હજારથી ૨૯ હજાર સુધીના મતદારો નોંધાયેલા છે. છાલા, લિંબોદ્રા, ડભોડા, લોદરા, પાનસર, ચિલોડા(ડ), કડજોદરા, ઈટાદરા, કુડાસણ, પલિયડ, સઈજ, બોરીસણ, વાવોલ બેઠકનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૬ પર




